




**Printed Matter**

**Book-Post**

To,

Praful bhai Ambalal Patel.
7 almond Cicle
PRINCETON JUNCTION NJ 08550. (usa)
Phone 609-936-8773

Pin :


રવાના :

ભાદરણ પત્રિકા, c/o ગીતાપ્રેસ-ભાદરણ.
મુ.પો. ભાદરણ-૩૮૮૫૩૦, તા. બોરસદ,
જી. આણંદ. (ગુજરાત) ભારત.
Email : gitaprinting@yahoo.co.in


।। સર્વજન સુખાય, સર્વજન હિતાય ।।　　।। મનુષ્ય યત્ન ઈશ્વરકૃપા ।।

# ભાદરણ પત્રિકા

**જાન્યુઆરી-ફેબ્રુઆરી-૨૦૧૫**






(૨૪) ડૉ. દેવેન્દ્રભાઈ ડાહ્યાભાઈ પટેલ — ૧૦ વર્ષ
ગંગાબાગ, કેતવ પેટ્રોલપંપની સામે,
ડૉ. વિક્રમ સારાભાઈ માર્ગ,
આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન : ૨૬૩૦૦૭૬૧ મો. ૯૮૨૫૧ ૨૨૭૨૩

(૨૫) નારાયણભાઈ શંકરભાઈ પટેલ — ૧ વર્ષ
બી-૧, સાગર એપાર્ટમેન્ટ
નૂતન નાગરીક બેંકની સામે,
ગોરધન પાર્ક, ઈસનપુર, અમદાવાદ.
મો. ૯૯૦૯૨૬૭૯૬૧

(૨૬) શૈલેષભાઈ બચુભાઈ પટેલ — ૧ વર્ષ
૧૦૪, સિદ્ધિવિલા ફ્લેટ્સ, પરમાનંદ સોસાયટી,
રમણનગર રેલ્વે ક્રોસીંગ પાસે, મણીનગર
અમદાવાદ. મો. ૯૭૨૬૪ ૭૪૬૪૭

(27) Jagdishbhai M. Patel — 1 Years
23,Woodhill crescent
Kenton HARROW
Middlesex (u.k.)

(28) N. j. Patel — 1 Years
North wembly
Middlesex
Hao 3LJ (u.K.)

## ભાદરણ પત્રિકાનું લવાજમ તથા પત્રિકામાં છાપવા યોગ્ય સમાચારો નીચે જણાવેલ ગમે તે એક જગ્યાએ મોકલવા વિનંતી.

**(BHADRAN)**
**SHREE GITA PRESS, BHADRAN.**
Near Harkhaba's Temple. BHADRAN
Ta. Borsad, Di. Anand
email- gitaprinting@yahoo.co.in

**(U. K)**
**RASIKBHAI MANIBHAI PATEL**
401 CARTER-HATCK LANE
ENFIELD ENI 4AN
MIDDLESEX U.K
Ph. No.: 020837-30727
email- rasikbhai@hotmail.com

**(U.S.A.)**
**PANKESH PATEL**
102, JONI AVENUE, HAMILTON
NJ 08690, USA.
MO: 609-585-2347
Email : usnjfp610@yahoo.com

**(U.S.A.)**
**CHANDRAVADAN M. PATEL**
11659 Waterstone Loop Drive
Windermere FL 34786 USA
Email : cmpatel1936@gmail.com
Fax : 863-665-5115
Phone mobile 863 660 5149
Home Phone 407 217 6119

**(BARODA)**
**ASHVINBHAI CHOTABHAI PATEL**
29,TULASHIDHAM SOCITY,
NEAR VARDHMAN COMPLEX
SUBHANPURA. VADODARA.
MO: 98255 15470. (R) 2393331

**(AHMEDABAD)**
**PRAKASH B. PATEL**
C-1, SHRIJI FLATS,
PARMANAND SOCIETY
NR. SAIBABA MANDIR
MANINAGAR (WEST)
AHMEDABAD-380008.
(R) 25464896, (M) 9879186951
Email: pbpatel3579@gmail.com



## ભાદરણ ગામે વિકાસ માટે જાન્યુઆરી માસમાં યોજાયેલ મીટીંગનો અહેવાલ

તા. ૪-૧-૨૦૧૫ ના રોજ મહાકાળેશ્વર મહાદેવમાં સી.બી.પટેલ રૂબરૂ લંડનથી આવ્યા ત્યારે તેઓએ સુચના કરી હતી કે કેવી રીતે કામકરવુ છે. તેના માટે યોગ્ય કાર્યવાહી તૈયાર કરવા નોંધ કરવા જણાવેલ તે અંગે આજે કરેલી નોંધ રજૂ કરી.

(૧) રસીકભાઈ (૨) વિનોદભાઈ (૩) ચંદ્રવદનભાઈ
(૪) પ્રો. કારીયા (૫) રૂષિલભાઈ (૬) ભાર્ગેશભાઈ
(૭) દીપેશભાઈ (૮) નવનીતભાઈ (૯) નવીનભાઈ પનુભાઈ પટેલ

**૧. ઘરડાઘર**
**૨. અશક્ત ભાઈ-બહેનોને ટીફીન વ્યવસ્થા**
**૩. અભ્યાસ અંગેની સમસ્યાઓ**
**૪. આરોગ્ય ક્ષેત્રે**
**૫. વિધવાબેનોને આવક અંગે કોઈ કામગીરી**
**૬. પુસ્તકાલયના વિકાસ માટે**
**૭. ધંધા રોજગાર**
**૮. અભ્યાસ અંગે ખર્ચની મદદ**
**૯. જાહેર સંડાસ-બાથરૂમ બનાવવા અંગે**
**૧૦. ગામના જાહેર રસ્તાઓ ઉપર ફુલ ઝાડ રોપવા અંગે**

આજ રોજ તા. ૧૧-૧-૨૦૧૫ ને રવિવારના રોજ બપોરે ૪-૦૦ કલાકે ભાદરણ ગામના વિકાસ માટે કાર્યોની વિચારણા કરવા માટે લંડનથી સી. બી. પટેલના પ્રમુખ પદે નીચેના ભાઈઓ ભેગા થયા હતા.

(૧) રસીકભાઈ મ. પટેલ (લંડન) (૨) વિનોદભાઈ ડી. પટેલ
(૩) ચંદ્રવદન મ. પટેલ (અમેરિકા) (૪) ઠાકોરભાઈ મ. પટેલ
(૫) મયંકભાઈ જે. પટેલ (લંડન) (૬) નવનીત એ. પટેલ (લંડન)
(૭) નરેન્દ્રભાઈ ઉપાધ્યાય (૮) ભાનુપ્રસાદ ર. ત્રિવેદી
(૯) સરપંચશ્રી રાણા (૧૦) તલાટી શ્રી મગનભાઈ
(૧૧) કેતનભાઈ સોની (૧૨) હરીશભાઈ જે. પટેલ

સદર સુચનો અંગે સી.બી.પટેલની રજૂઆત કરી કે પ્રત્યેક પ્રશ્નો યોગ્ય છે અને તે અંગે કાર્યવાહી કરવી જ જોઈએ. હવે કેવી રીતે કરવી છે તે રીપોર્ટ તૈયાર કરો ત્યારબાદ વ્યવસ્થા ગોઠવવા ફરી મળીશું.

**વિનય મંદિર, કન્યા વિદ્યાલય, કુમાર મંદિર**
**અંગેની માહિતી પ્રાપ્ત કરવા માટે નીચેના ઈ-મેઈલ આઈ.ડી. નો સંપર્ક કરવો.**
**Facebook i.d.**
vinaymandir65@gmail.com
kanyavidyalay@gmail.com,
kumarmandir@gmail.com

## ભાદરણ પત્રિકાની લવાજમની ભર્યાની યાદી

| | | | |
|---|---|---|---|
| (1) | SUDHIR R. PATEL<br>73 REGENTS PARK<br>BEDFORD TK 76022 | 2 Years | S/o. RATILAL DHANJIBHAI PATEL<br>NANI KHADKI, SUBHASH CHOWK |
| (2) | NITILA R. PATEL<br>500 ROUTE 80<br>GUILFORD CT. 06437 | 2 Years | D/o. RAMANBHAI<br>KOT FALIA |
| (3) | KUNAL SUBODHBHAI PATEL<br>4510 NOTTING TRACE<br>CUMMING GA - 30040 | 1 Years | S/o. RATILAL J. PATEL<br>LIMDA STREET (MUMBAI) |
| (4) | SANJIV KIRITBHAI PATEL<br>1301 PLANTATION DR.<br>SOUTHLAKE TX 76092 | 1 Years | S/o. KIRIT JETHABHAI UMEDBHAI<br>VADI FALIA # 4 (U.S.A.) |
| (5) | HEMLATA ARVIND PATEL<br>AARTIS WORLD DISCOUNT LIQURE<br>UNION NU - 0783 | 1 Years | D/o. MANIBHAI<br>MOTI KHADKI, BHADRAN |
| (6) | PRAVINA J. PATEL<br>2502 ROUNDTABLE BLID<br>LEWISVILLE TX 75056 | 1 Years | D/o. RATILAL DHANJIBHAI<br>SUBHASH CHOWK |
| (7) | HITESH RAMESHBHA<br>& SMITA PATEL<br>6909, ARABAN ROAD,<br>ODESSA Fl. 33556-1825 | 2 Years | |
| (8) | GIRISHBHAI PATEL<br>672 MONTARA TERRACE<br>SUNNY VALE CA-94085 U.S.A.<br>408 306 0440 | 1 years | |
| (9) | ARVINDBHAI G. PATEL<br>56 SOUTH LAUREL STREET<br>APT. # 1 BRIDGETON<br>N.J. 08302 856-451-0610 | 2 Years | |
| (10) | SHAILESH C. PATEL (National)<br>2 SILVERWOOD COURT<br>STREAMWOOD IL. 60107 U.S.A.<br>630 701 5840 | 2 Years | |
| (11) | NARESH PATEL<br>70, ORBEN DRIVE,<br>LANDING NJ 07850 USA | 2 Years | |
| (12) | HASMUKHBHAI C. PATEL<br>2884 BRAE BURN CIRCLE<br>ANN ARBOR MI USA | 2 Years | |



## જિંદગીમાં યાદ રાખવા જેવી દસ બોધપાઠો

જિંદગી પોતે જ તાલીમશાળા છે. એણે આપેલી તકોમાંથી કશુંક શીખવાની આપણી દાનત હોય તો. માણસ પોતાના અનુભવોમાંથી પણ શીખી શકે અને બીજાના અનુભવોમાંથી પણ ! હકીકત એ છે કે પ્રત્યેક ઉઘાડી આંખ જોવા લાયક જોઈ શકતી નથી. ચાલતા પ્રત્યેક ચરણની દિશા નિર્ધારિત હોય છે, પણ લક્ષ્ય ધૂંધળું હોય છે. બંધાતા નવા-નવા સંબંધો દાનતની દષ્ટિએ શુદ્ધ નથી હોતા. જિંદગી કોઈનેય છેતરવાનો અધિકાર આપતી નથી.

જિંદગી જીવવાની કલાનો ભોમિયો વેચાતો નથી મળતો અને જે વેચાતો મળે તે કોઈકની જીવન-દષ્ટિથી અભડાયેલો હોય છે. એટલે જિંદગીની કેડી માણસે જાતે જ કંડારવાની હોય છે. માણસે દષ્ટિનો વિસ્તાર કરવો જોઈએ. ઊંધું ઘાલીને દોડવાની ઉતાવળનો નહીં. ક્ષુદ્ર વસ્તુઓમાં અટવાયેલા રહેવાનો માણસનો સ્વભાવ તેની આસપાસ ક્ષુદ્રતાનું એવું વર્તન રચે છે. જેમાંથી તે ક્યારેય બહાર નીકળી શકતો નથી ! માણસ પોતાની મોટા ભાગની શક્તિ જે છે તે જોવામાં ખર્ચી નાખે છે. એટલે જે હોવું જોઈએ, તેને અંગે વિચારવાનો એને સમય જ નથી રહેતો. શ્રીમતી બાર્બરા બુશે જિંદગીમાંથી જડેલાં કેટલાંક બોધરત્નો વિશે વાત કરી છે. દરેક મા-બાપે પોતાનાં સંતાનોને શીખવવા જેવાં અને પોતે પણ જિંદગીમાં આચરવાં જેવાં આ દસ મૂલ્યવાન સૂચનો અહીં સંક્ષેપમાં રજૂ કર્યા છે. 'પર્સનલ એક્સલન્સ'માં સંકલિત શ્રીમતી બાર્બરા બુશનો 'લેસન્સ ઈન લાઈફ' લેખ એ દષ્ટિએ અત્યંત પ્રેરક છે, તેનો આધાર લઈ મુખ્ય મુદ્દાની વિસ્તૃત ચર્ચા કરી છે.

**૧. લોકોમાં સારપ શોધો અને તેમના દોષો ભૂલી જાઓ.**

માણસની અપેક્ષાઓ બીજા દ્વારા ફળે ત્યારે એ ખુશખુશાલ થઈ જાય છે અને પોતાનું ધાર્યું ન થાય તો એની લાગણી દુભાય છે. લેખિકાએ પોતાની માતાદ્વારા લાગણી દુભાયાના સંદર્ભે ગ્રેસ વૉકરની સલાહ ટાંકી છે : 'તમારી માતાની સુંદ બાબતો યાદ રાખો, તમે ચાહતા હો એ બધું એના સંદર્ભે વિચારો અને તેવી સારી બાબતો યાદ કરી ગૌરવાન્વિત થાઓ.' આપણને માણસના દોષો ગણવાની ટેવ છે, એને બદલે તેના ગુણો ગણવા બેસીએ તો આપણે વિસ્મિત થઈ જઈએ એટલી મોટી યાદી થઈ જાય! દુનિયામાં નથી આપણે સંપૂર્ણ કે નથી બીજું કોઈ પણ સંપૂર્ણ, એટલે બીજામાં રહેલી સારપનું દર્શન કરો.

**૨. મિત્રો બનાવો, દુશ્મનો નહીં**

રેડક્રોસના સ્થાપક અને અધ્યક્ષ ક્લેરા બાર્ટનને એક મિત્રે ભૂતકાળમાં તેમના કોઈ એક મિત્રે તેમની સાથે દાખવેલી ખરાબ બાબતનું સ્મરણ કરાવ્યું અને પૂછ્યું : તમને યાદ છે? ક્લેરાએ ત્યારે ચોખ્ખી ના પાડી હતી કારણ કે શત્રુતા વિસ્મરવા એવું બધું ભૂલવું જરૂરી છે. માણસને મન મળ્યું છે. મધુ સંચય માટે, વિષ એકઠું કરવા નહીં. એક મિત્ર મોડો વધે તો વાંધો નહીં, એક શત્રુ તો સત્વરે ઘટવો જ જોઈએ! શત્રુતા નાબૂદ કરવાની રીત છે ઔદાર્યપૂર્ણ ક્ષમાભાવ ! મૈત્રીભાવનું પવિત્ર ઝરણું માણસના હોઠેથી વહે છે, પણ હૈયેથી વહેતું હોત તો આ જગતની તાસીર અને તસવીર જુદાં હોત!

**૩. પૈસા હોવા - ન હોવાની વાતો લોકો સમક્ષ કરશો નહીં**

માણસ ધનને જિંદગીનું લક્ષ્ય બનાવી ધનની પ્રદક્ષિણા કર્યા જ કરે છે ! પોતાની પાસે ધન હોય તો બડાશ અને ધન ના હોય તો બળાપા ! ધનનાં બણગાં અને ધનનાં રોદણાં બન્ને બાબતો અ-શોભાસ્પદ છે. એટલે એવી ચર્ચાઓથી અળગા રહેવું ઉચિત છે.

**૪. ન પોસાય તેવું ખરીદશો નહીં.**

ધનવાન હોવા કરતાં આજના માણસને ધનિક દેખાવાનો ચસકો લાગ્યો છે. અનેક લોકો દેખાદેખીથી ન પોસાય તેવી વસ્તુનીખરીદી કરીને દેવાદાર બને છે અને આર્થિક દષ્ટિએ પાયમાલ થઈ જાય છે.

**૫. પડોશી કરતાં ઊંચા દેખાવાની કોશિશ ન કરશો**

ટેલિવિઝન, ફર્નિચર, મોટું મકાન, જીવન જરૂરિયાતની વસ્તુ વગેરે હોવાની બાબતમાં પોતાની જાતની પડોશીઓ સાથે સરખામણી કરવી કે તેના

## KANYA VIDYALAYA - BHADRAN

Project Dental All,

Four students from New Jersey, USA arrived at our school Kanya Vidyalaya, Bhadran on January 5, 2015. Their team consisted of Bharvi Patel, Jasmine Faldu, Bijal Amin and Hardip Chera. They all came with dental questionnaries for research, and dental supplies to distribute to children and staff. These four dedicated students were able to answer some of our basic dental health questions. The kids were able to recite back how to properly care for their teeth using toothbrush, toothpaste, floss and mouthwash. Thank you to these four students and Project Dental All for coming to the Kanya Vidyalaya, Bhadran school and educating the residents here about proper oral hygiene.

## ભાદરણનું ગૌરવ

From New Jersey (USA) a team of four pre-dental students namely, Miss. Bijal Amin, Bharvi Patel (Grand daughter of Navinbhai Panubhai Patel, Royal Street, Bhadran), Jasmine Faldu and Mr. Hardip Chera had visited at Hindu Anath Ashram (an institute for orphans), Matru Chhaya (an institute for mentaly sick) in city of Nadiad in Gujarat State.

The Students team had talked with young boys, girls and children regarding dental care, cleaning etc. in friendly mood.

In Maitri Sansthan, were mentally sick boys and girls, the team has also dialogue with them and given better suggestions for prevention of dental disease and how to keep better teeth.

During ten days, they moving in various places in Gujarat to educate the people for how to take a better care of teeth etc.



# અધ્યાત્મ એટલે શું?

વિચાર બહુ ગહન છે. ભાષા શાસ્ત્રીઓ અને તત્ત્વજ્ઞાતાઓ હું જે રજૂઆત કરું છું તેના કરતા આપણને સાચી, સારી અને વધુ ઉંડાણથી સમજ આપી શકે. હું તેમની સાથે સંમત છું પણ મારી સમજ પ્રમાણે હું જે સમજુ છું તે અત્રે રજૂ કરુ છું.

અધી (અધીક) એટલે વધારાનું, અધ્યાય એટલે મનન, ચિંતન આત્મ એટલે પોતાનુ આત્માનું.

પોતા વિષે પોતાના આત્મા વિશે વધુ અધ્યયન, મનન અને ચિંતન કરવું. તો શુ ચિંતન કરવું? શું વિચારવું?

કોણ હું? કોનો? આવ્યા શા માટે? કરવો તેનો વિચાર જેનું ચિંતન, મનન અને કર્મ આ વિચાર સાથે સતત જોડાયેલુ હોય ને આધ્યાત્મિક, તે સદા આત્મા અને પરમાત્માનું સાનિધ્ય સાધવા સદા તત્પર હોય.

પણ પરમાત્માનું સાનિધ્ય પ્રાપ્ત કરવું, તેના ખોળામા જઈ બેસવુ સહેલુ નથી.

એક વખત હુ અને શાંતિલાલ માણસોની ભીડવાળા રસ્તેથી પસાર થતા હતા તેવામાં કોઈ ભાઈએ પાછળથી બૂમપાડી શાંતિલાલ..ઓ શાંતિલાલ.. અમો ચાલતા ચાલતા વાતોમાં મશગુલ હતા એટલે શાંતિલાલના સાંભળવામાં ના આવ્યુ. મે તેમનું ધ્યાન દોર્યુ. (તમને કોઈ બોલાવે છે) તેમણે પાછળ જોયુ કોઈ ભાઈ હાથ ઊંચો કરી બોલાવતા હતા પણ તેની તરફ તેમણે ધ્યાન ન આપ્યુ અને મારી સાથે વાતો કરતા ચાલવાનું ચાલુ રાખ્યુ.

મેં કહ્યું, “પેલા ભાઈ તમોને બોલાવે છે ને? તેમણે કહ્યું હું તેમને ઓળખતો નથી તેનો અવાજ પરિચિત ન હતો એટલે એ ધ્યાન ન આપ્યુ પછી આપણે ઊભા રહેવાની વાત ક્યાં આવી?”

કહેવાય છે કે જેને સંસાર સમજાયો તેને અધ્યાત્મપણ સમજાય.

સંસારમાં વગર ઓળખાણ પીછાણે બૂમો પાડતા ભાઈ માટે શાંતિલાલ ઊભા નથી રહેતા તો આપણી બૂમોથી વગર પાકી ઓળખાણ થાએ ભગવાન આપણા માટે ઊભા રહે ખરા? તે માટે મારો અવાજ તેમને પરિચિત થવો જોઈએ તેના માટે આપણે ભગવાનની પાકી ઓળખાણ કરવી પડે.

હું ભગવાનને કહું, ‘હે ભગવાન, હું તારો છું, તુ મારો તારણહાર છુ. તુ જ મારો સર્વસ્વ છું પણ ભગવાન જ્યાં સુધી મને ‘તું મારો છે’ એવુ ના કહે ત્યાં સુધી ભગવાનને મારો મારો કહું તેનો અર્થ ખરો?

હું ભગવાનને પ્રાર્થના કરું ત્યારે તેને સંબોધીને કહું તું દયાળુ છે, પરમકૃપાળુ છે, કરૂણાનિધાન છે. તું સર્વશક્તિમાન છે. મારા ઉપર તારી કૃપા રાખજે ત્યારે ભગવાન મને સામેથી કહે છે, તું મારાં મા સર્વ ગુણ જણાવે છે હું સર્વ ગુણ સંપન્ન છુ પણ તારામાં આ બધા ગુણમાંથી કયો ગુણ છે? તુ મારી પ્રાર્થના કરુ છું ત્યારે તુ સંકલ્પ કરું છું ખરો? કે મારામાં જે ગુણ છે તે તારામાં લાવવા પ્રયત્ન કરીશ. તુ મારા કરવા તથા કહ્યા પ્રમાણે કરીશ તો મારે અને તારે ફાવશે નહી તો...

# સેવાની સુગંધ : ભાદરણનો યુવાન ડૉ. આતીશ ઈબોલાના દર્દીઓની સેવા કરવા સીયેરા લીયોન ગયા

સેવાની ભાવના જેને હૈયે છ અને મોતને જરા જેટલો પણ ભય નથી એવા માનવીને શું કહેવું? જી હા, આજકાલ દુનિયા આખામાં ઈબોલા રોગના ભયથી લોકો ગભરાઈ રહ્યા છે અને ઈબોલાગ્રસ્ત વેસ્ટ આફ્રિકાના દેશમાંથી આવનાર મુસાફરોને પણ ચકાસીને દેશમાં પ્રવેશ અપાઈ રહ્યો છે ત્યારે ભાદરણનો યુવાન ડૉ. આતીશ પટેલ ઈબોલાથી પીડીત દર્દીઓને મોતના મુખમાંથી પાછા લાવવા માટે સીયેરા લીયોન ગયો છે. પોતાના દિકરાના આ સાંહસથી જાગૃતભાઈ જયરામભાઈ પટેલ અને તેમના પત્ની અલકાબેનની છાતી ગજગજ ફુલી રહી છે.

કહેવત છે ને કે પુત્રના લક્ષણ પારણામાંથી દુકાનદાર પિતા જાગૃતભાઈ પટેલના પુત્ર ડૉ. આતીશની ભાવના પહેલેથી જ સેવા કાર્યો કરવાની રહી છે. ઈમ્પીરીયલ કોલેજમાંથી મેડીસીનની ડીગ્રી મેળવનાર ડૉ. આતીશે ગત તા. ૫ મી ડીસેમ્બરના રોજ બ્રિટીશ સરકારની ટીમસાથે સીયેરા લીયોન જવા માટે ઉડાન ભરી હતી. આ અગાઉ સીયેરા લીયોનમાં ઈબોલાના ખપ્પરમાં હોમી ચૂકેલા ૪૦૦ દર્દીઓને જોઈ ચૂકેલા ડૉ. આતીશ પટેલ હજુ તો ગઈ જુલાઈ માસમાં જ સીયેરા લીયોનથી પરત આવ્યા હતા અને ત્રણ માસમાં તો પાછા સીયેરા લીયોનની વાટ-પકડી છે.

ડૉ. આતીશ અન્ય તબીબોની ટીમસાથે લગભગ ત્રણેક માસ સીયેરા લીયોનમાં વિતાવશે અને ત્યાં કોમ્યુનિટી હેલ્થ કેર વોલંટીયર્સને તાલીમઆપશે. જેથી સ્થાનિક પ્રજાને આ ભયાનક રોગચાળા સામે કઈ રીતે રક્ષણ મળી શકે તે અંગે સમજ આપી રોગચાળાને કાબૂમાં લઈ શકાય. આ તાલિમના કાર્ય બાદ ડૉ. આતીશ ફ્રી ટાઉન સીટીથી ત્રણેક કલાકના અંતરે આવેલ મસાંગા હોસ્પિટલ જશે અને તે હોસ્પિટલને ‘મસાંગા સેન્ટર ઈનોશીયેટીવ’ના નામથી પુનઃ શરૂ કરી ઈબોલાગ્રસ્ત દર્દીઓને સારવાર આપનાર તબીબો સાથે જોડાશે. આ મસાંગા હોસ્પિટલ સીયેરા લીયોનના જંગલોમાં વચ્ચે આવેલી છે અને ટોંકોલીલી જીલ્લાના લોકોને સો બેડની આ હોસ્પિટલમાં અગાઉ ઈમરજન્સી, પીડીયાટ્રીક, મેટરનલ અને સર્જીકલ સગવડ હતી.

ડૉ. આતીશ અને તેમની ટીમનો ઈરાદો વેસ્ટ આફ્રિકાના ઈબોલાગ્રસ્ત ૧૫ દેશોના સાડા ચાર લાખ વોલંટીયર્સને આગામી છ માસમાં સઘન તાલીમઆપવાનો છે. આધુનિક ટેકનોલોજીની મદદથી વર્ચ્યુઅલ સ્ટીમ્યુલેશનસ, વેબસાઈટ અને એપ દ્વારા એનીમેશનની મદદથી સામુદાયીક આરોગ્ય અને હાઈજીન અંગે સંદેશ ફેલાવી ઈબોલા રોગ પર કાબુ જમાવવાનો તેમનો ઈરાદો છે.

ડૉ. આતીશે આ સેવા કાર્યોમાં સહભાગી થઈ શકાય એ આશયે વર્જીન મની ગીવીંગ વેબસાઈટ પર અપીલ કરતા અત્યાર સુધીમાં કુલ પાઉન્ડ ૧૯૦૦ જેટલું દાન એકત્ર થઈ ચૂક્યું છે. ડૉ. આતીશ અત્યારે ૨૭ વર્ષની વયના છે અને બીજા તબીબો જ્યારે પૈસા કમાવા માટે જોર લગાવે છે ત્યારે ડૉ. આતીશ પૈસા તો જીવનમાં બહુ કમાવાશે પણ સેવા કરવા નહિ મળે એમમાને છે અને તેથી જ જંગલોમાં રહી ગરીબ અભણ આદીવાસીઓની સેવા કરવા માંગે છે. અત્યારે પ્લીમથની ડેરીફર્ડ હોસ્પિટલમાં સેવા આપતા ડૉ. આતીશના પિતા જાગૃતભાઈ બેટર્સી વિસ્તારમાં કન્વીનીયન સ્ટોર્સ ચલાવે છે અને માતા અલકાબેન ઈંન્લેન્ડ રેવન્યુમાં સેવા આપે છે.



# વસંત અંગે ગઝલ અને કવિતા

“સુંદર જીવનની યોજના આવી છે ધ્યાનમાં
આવી જજો ન આપ ફરી દરમિયાનમાં
કુદરતનું રમ્ય મૌન ઘડીભર મને મળે,
કહેવી છે વાત મારી તમારી જબાનમાં”

**- મરીઝ**

“ઉતરી ગયા છે ફૂલના ચહેરા વસંતમાં
તારા રૂપ-રંગ વિશે વાત થઈ હશે
જ્યારે પ્રણયની જગમાં શરૂઆત થઈ હશે
ત્યારે પ્રથમગઝલની શરૂઆત થઈ હશે.”

**- આદિલ મન્સૂરી**

“મળી છે ફૂલ પર સરસાઈ અમને એક બાબતમાં
અમે પ્રેમીઓ મોસમસાથે બદલાઈ નથી શકતાં
પતનમાં પણ અમારો એજ પાણીદાર ચહેરો છે
આ ફૂલો કંઈ અમારી જેમકરમાઈ નથી શકતા
ફૂલો માણસની જેમકરમાવાનું શીખશે ત્યારે
પતંગીયાની પાંખોને “પેરાલિસિસ”થઈ ગયો હશે.

**- સૈફ પાલનપુરી**

“શોધે છે શબ્દકોશમાં જે અર્થ વૃક્ષનો
તેઓ વસંત જેવા સભર હોય તોય શું?”

**- રમેશ પારેખ**

“ફૂલનો પવન લોચન મારે વાયો
આકાશ ભરાય એટલી સુગંધ લાવ્યો”

**- પ્રિયકાન્ત મણિયાર**

“કઈ યુગો સુધી પવન મનમાં મુંઝાતો રહ્યો
પાંદડાએ બોલતાં શીખવ્યું સુરીલો થઈ ગયો...”

**- ઉદય ઠક્કર**

“આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના
ફૂલો એ બીજું કાંઈ નથી પગલાં વસંતના
આ એક તારા અંગે અને બીજો ચમન મહીં
જાણે કે બે પડી ગયા ફાંટા વસંતના”

**- કવિ મનોજ ખંડેરિયા**

“અહો શ્વાસ મધ્યે વસંતે મહોરી
ઊડે રંગ ઊડે ક્ષણે એકકોરી”

**- રાજેન્દ્ર શુકલ**

“શિશિર તણે પગલે વૈરાગી વસંત આ વરણાગી
એક ખેરવે વસ્ત્ર પુરાતન
એક ઊભો અવધૂત દિગંબર
અન્ય પુષ્પમાં પોઢે
શીતલ એક હિમાલય સેવી, અન્ય જગત-અનુરાગી”

**- પ્રજાપતિ રાવળ**

“આ ઋતુ રુડી રે, મારા વ્હાલા રૂડો માસ વસંત
રૂડા તે વનમાં કેસુ ફૂલ્યા, રૂડો રાધાજીનો કંથ”

**- નરસિંહ મહેતાનું પ્રભાતિયું**

“મને ફાગણનું એક ફૂલ આપો
કેલાલ મોરા
કેસૂડો કામણગારો જી લોલ”

**- કવિ સુંદરમ્**

“આજે સરભર શિયાળાના
પીળારણમાં
ઝંખુ છું ગુલમહોરની ઝૂમતી જ્વાળાઓનો સ્પર્શ
પછી
હું ખુદ વસંત પંચમી...”

**- પ્રજ્ઞા નાયક**

સંકલન
**વિનોદભાઈ ડી. પટેલ**
કોટ ફળીયુ, ભાદરણ

પ્રયત્ન કરીશ. તુ મારા કરવા તથા કહ્યા પ્રમાણે કરીશ તો મારે અને તારે ફાવશે નહી તો...

આમ, ભગવાનના બનવા માટે તેનો પ્રેમપામવા માટે તેનુ સાનિધ્ય કેળવવા માટે મારે પણ પ્રયાસ કરવો પડે તો ભગવાનની ઓળખાણ શક્ય બને 'નર અપની કરણી કરે તો નર કા નારાયણ થાય...'

હાઈવે ઉપર અમદાવાદથી ભાદરણ આવતા આણંદની એકજીટ ચૂકી જઈએ તો વાસદ કે વડોદરા એકજીટ હોય ત્યાં જઈને પાછુ આવવું પડે અથવા સેવાસી થઈ મહીસાગરના કોતરોમાં થઈ ઉમેટા થઈ ભાદરણ આવવુ પડે અને મારો પ્રવાસ લંબાઈ જાય અને ભાડાની ગાડીના માઈલેજ વધી જાય.

મને દુર્લભ એવા માનવ દેહ મળ્યો છે તે સફળ બનાવવા પ્રયત્ન કરુ અને આ એકજીટ ચૂક્યા વગર લખ ચોરાસીના ફેરામાંથી મુક્ત થઈ ભગવાનના પ્રિય થવા પ્રયત્ન કરુ.

**ચંદ્રવંદન મણીભાઈ પટેલ**
**લેકલેન્ડ ફ્લોરીડા**

જવાનું છે ક્યારે તે નથી જાણતો હું
કરવાનાં કામોની યાદી છે લાંબી,
મિનારાઓ બાંધવાની આશા છે મોટી
કદાપિ ન કોઈની પુરી થઈ છે.
જીવન નાવ મારી મઝધારે આવી
ડુબતાનો મે હાથ ના ગ્રહ્યો છે.
સંસાર સાગરમાં ડુબતો હતો હું
દીધી હુંફ અન્યે ભુલી ગયો હું
મંથન જો થાયે હૃદયને ઝરૂખે
નવનિત તેમાં આવી મળે છે.
નવનિત પ્રભુએ દીધું પ્રેમકેરું
વહેચ્યો સદાએ કદી ના ખુટે છે.
મહોળે જીવન ખુદ અન્યની સાથે
સૃષ્ટિ આસારી સુગંધી બને છે.

**ચંદ્રવદન મણીભાઈ પટેલ**
**લેકલેન્ડ ફ્લોરીડા**



# ટી. બી. હાઈસ્કુલ ભાદરણમાં યોજાયેલ વર્કશોપ

## *વિષય : જાતિય મુંઝવણને લગતી સમસ્યાઓ અને તેનો ઉકેલ*

શ્રી પ્રગતિ મંડળ ભાદરણ સંચાલિત ટી. બી. હાઈસ્કુલમાં તારીખ ૭-૧-૨૦૧૫ ને બુધવારના રોજ શાળાની કોમ્પ્યુટર લેબમાં સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાનપ્રવાહની વિદ્યાર્થીનીઓને 'જાતિય મુંઝવણ ને લગતી સમસ્યાઓ અને તેના ઉકેલ' અંગેનું માર્ગદર્શન કરમસદ મેડિકલ કોલેજના આસીસ્ટન્ટ પ્રોફેસર ડૉ. મનીષાબહેન ગોહેલ દ્વારા અપાયું હતું. જેમાં અમારી શાળાની તમામવિદ્યાર્થીનીઓ તેમજ શિક્ષિકાબહેનોએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લઈને વિદ્યાર્થીનીઓનો સંકોચ દૂર થાય અને તેમને ઉદ્‌ભવતા જાતિય પ્રશ્નોનું નિરાકરણ આવે તેના માટે સતત પ્રયત્નશીલ બન્યા હતા. સવારે ૧૦-૧૫ કલાકે પ્રોગ્રામશરૂ થયો હતો. ડૉ. મનિષાબહેને ઘણાં બધા મુદ્દાઓ વિશે વિદ્યાર્થીનીઓને પ્રોજેક્ટર પર તરૂણાવસ્થા દરમિયાન થતાં જાતિય ફેરફારો, અંગતસ્વચ્છતા, જાતરક્ષણ, ભવિષ્યની જવાબદાર મહિલા, જીવનમાં યોગનું મહત્ત્વ અને તેનાથી થતા ફાયદા વગેરે જેવા મુદ્દાઓને સમજાવ્યા હતા.

"ગ્રામ્યકક્ષાએ અભ્યાસ કરતી તરૂણીઓના મનમાં ઘણાં બધા પ્રશ્નો રહેલા હોય છે, જે આપણા સમાજની પ્રણાલીને લીધે કોઈપણની સાથે ચર્ચા કરી શકતી નથી. આવા સંજોગોમાં તે મનમાં સતત મુંઝાય છે. ત્યારે તેમના પ્રશ્નોનું નિરાકરણ લાવવું ખૂબ જ જરૂરી છે." તેવું ઉદાહરણ પૂરુ પાડી તેઓના આ સંકોચને દૂર કરવા વિવિધ માહિતી પૂરી પાડી હતી. જેમાં શાળાની વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ત્યારબાદ ડૉ. મનિષાબહેન દ્વારા કરવામાં આવેલ પ્રશ્નોત્તરીમાં પોતાના અંગત પ્રશ્નોનું નિરાકરણ મેળવી શકી હતી. જેના દ્વારા વિદ્યાર્થીનીઓ પોતાની સમસ્યાઓનો સહજતાથી ઉકેલ લાવી શકી હતી.

આમ, નાની છતાં જટિલ ગણાતી સમસ્યાઓનું નિવારણ શાળાના આચાર્યશ્રી બી. એ. પટેલની મહેનત અને પ્રયત્નોથી ખૂબ જ સરસ રીતે પાર પાડી શક્યા જેમાં શાળાની તમામશિક્ષિકા બહેનોએ ઉત્સાહથી ભાગ લીધો અને ઘણાં બધાં જાતિય પ્રશ્નોનું નિરાકરણ સરળતાથી લાવી શક્યા.

સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન આચાર્યશ્રીના સફળ પ્રયત્નો દ્વારા સફળ બની રહ્યું હતું. વિદ્યાર્થીનીઓને જાતિય મુંઝવણ અંગેની સમસ્યાઓ અને તેના ઉકેલ અંગે માર્ગદર્શન આપવા બદલ આચાર્યશ્રીએ ડૉ. મનિષાબહેન ગોહેલનો સહૃદય આભાર વ્યક્ત કર્યો હતો.

કરતાં પોતાની પાસે વધુ છે, એવા ખ્યાલથી પ્રેરાઈને બિનજરૂરી ખરીદી કરવી એ નિરર્થક છે. જેની પાસે તમારા કરતાં જે કાંઈ વધુ છે, તેમને તે વસ્તુઓની માલિકીમાં રસ હોય છે. તમે શું ખરીદો છો કે નથી ખરીદતાં તેની તેમને લેશમાત્ર પરવા નથી હોતી!

**૬. અન્ય પાસેથી મળે તેનો બદલો વાળવાનો પ્રયત્ન કરો.**

સંબંધ વસૂલાત પર નહીં પણ શ્રેષ્ઠ વ્યવહાર પર ચાલે છે. સંબંધી કે સ્નેહી તમને ભોજન માટે નોંતરે કે ફરવા લઈ જાય તો એનાથી સંતુષ્ટ થઈ બેસી રહેવાથી સંબંધની શાન ન વધે. માણ્યું તેનો પ્રતિસાદ પણ આવશ્યક છે. પ્રાચીન ભારતીય સમાજમાં એટલે જ 'વાડકી વ્યવહાર'નું મહત્ત્વ હતું. જે કાંઈ ઉત્તમતમે બનાવી શકો, ઘરમાં રાંધી શકાય, તેનાથી પણ સ્નેહીઓ-સ્વજનોનું ઉમળકાભેર આતિથ્ય કરી શકાય. મહત્ત્વ વસ્તુનું નથી, ભાવનાનું છે. એકતરફી વ્યવહાર કે લાભ લેવાની દાનત સંબંધને દીર્ઘજીવી ન જ બનાવી શકે!

**૭. મૈત્રીનું મૂલ્ય સમજો**

મિત્રો એ માણસની સૌથી મોંઘેરી સંપત્તિ છે. મૈત્રીમાં વફાદારી એ મહત્ત્વની વસ્તુ છે. વફાદારી એ એક હાથની તાલીનો વિષય નથી જ નથી. એ દ્વિમાર્ગી શેરી છે. એમાં ચઢાવ-ઉતાર પણ આવવાના, પરંતુ જે મિત્રો તમને વફાદાર છે, એની વફાદારીમાં લેશમાત્ર કચાશ દાખવશો નહીં. વડીલોએ દાખવેલી આવી વફાદારીની ઘટનાઓ સંતાનો માટે પ્રેરક બની શકે ! મૈત્રીમાં માપવા કરતાં પામવાની દાનત કેન્દ્રસ્થાનમાં રહે તો મૈત્રીને નુકસાન પહોંચે.

**૮. સંતાનને ચાહો**

સંતાનોને ભરપૂર ચાહવાં, એટલે જિંદગીને આનંદથી છલકાતી રાખવી. એવી ચાહ માટે સંતાનોને આજ્ઞાંકિત બનાવવાના અભરખા રાખવા જોઈએ નહીં. પોતાના સંતાનોને મહત્ત્વના અને મહાન ગણી એમને અનરાધાર વર્ષાથી ભીંજવવાં એ ઉત્તમમાતા-પિતાનું વણલખ્યું કર્તવ્ય છે. રોબર્ટ ફલધમે નોંધ્યું છે : તમારાં સંતાનો તમારી વાત ધ્યાને લેતાં નથી એની ચિંતા ન કરશો, પણ એ વાતની ચિંતા રાખજો કે તેઓ સતત તમારું નિરીક્ષણ કરી રહ્યાં છે!

**૯. પ્રભુના ઉપકાર ખાતર પણ જિંદગીને ચાહજો**

જે હતું અને જે નથી, એને મુદ્દો બનાવી જિંદગીમાં રડારોળ મચાવશો નહીં. જે મળ્યું છે તે પૂરી તાકાત સાથે માણી લો. માણસ પાસે બે વિકલ્પો છે : તમને ગમતા પર પસંદગીનો કળશ ઢોળવો એ વધુ સલાહભર્યું છે. આનંદદાયક પણ. આપણે ન ગમતા લોકોને પણ મદદરૂપ થઈ પોતીકા બનાવી લેવા, તેમના દોષો બદલ ક્ષમાદાન કરવું. 'તુલસી ઈસ સંસારમેં ભાત-ભાત કે લોગ' - એ સચ્ચાઈ નજર સમક્ષ રાખવી જોઈએ.

**૧૦. ઈશ્વરમાં શ્રદ્ધા રાખો**

ભક્તિભાવભરી શ્રદ્ધાપૂર્ણ વાણીમાં કહીએ તો 'હરિને ભજતાં હજી રે કોઈની લાજ જતાં નથી જાણી રે' - આ વાતમાં માણસે શ્રદ્ધા રાખવી જોઈ અને પોતાના સંતાનોને પણ તેવી શ્રદ્ધા રાખતાં શીખવવું જોઈએ. શ્રીમતી બાર્બરા બુશ પોતાને તથા પોતાના પતિ માજી યુ.એસ. પ્રેસિડેન્ટ જ્યોર્જ બુશને ઈશ્વરની કૃપા અને કરુણાની બાબતમાં ભાગ્યશાળી માને છે. આંધી, તોફાનો, ટોળાં અને બધું તો જિંદગીમાં આવતું-જતું રહેવાનું. પણ ઈશ્વરમાં વિશ્વાસ, પરિવાર અને મિત્રોનું જિંદગીમાં આગવું મહત્ત્વ છે અને એ બાબતમાં બુશ દંપતી ઈશ્વરની અસીમકૃપા અને કરુણા બદલ પોતાની જાતને ધન્ય માને છે. કોમ્પ્યુટરમાં કંપોઝ કરી રાખેલા પણ નહીં મોકલાએલા પત્ર તરીકે રીડરડાઈજેસ્ટે તેમની અનુમતિથી વાચકોને સુલભ બનાવેલા આ વિચારો જીવનને શ્રદ્ધાશીલ અને ભર્યું-ભર્યું બનાવે તેવા ઉદાત્ત છે.

માણસ જિંદગીનો ફરિયાદી બની જાય છે અથવા સ્વનિયુક્ત ન્યાયાધીશ, પણ શ્રદ્ધાશીલ દ્રષ્ટા બનવામાં લગભગ નિષ્ફળ જાય છે ! દુઃખવૃદ્ધિ પણ જીવન વિષયક દૃષ્ટિશુદ્ધિ માટે જ થતી હશે, એવી શ્રદ્ધા ધરાવનારના જીવનમાં દુઃખની બાદબાકી થઈ જાય છે!

**- સૌજન્ય 'ગરવી ગુજરાત' યુ.કે.**
**સંકલન - સુધીર પટેલ**
**ડલ્લાસ- ટેકસાસ**



## અવસાનની નોંધ

- **શ્રી વિજયભાઈ ચંદ્રકાન્ત પટેલ નું (ભાદરણ) હાલ, અમદાવાદ મુકામે ૬૯ વર્ષની ઉંમરે તા. ૬-૧૨-૨૦૧૪ ના રોજ દુઃખદ અવસાન થયું છે.**
- **શ્રી ભાસ્કરભાઈ ચિમનભાઈ પટેલ નું (ભાદરણ) હાલ, અમદાવાદ મુકામે ૮૩ વર્ષની ઉંમરે તા. ૨૬-૧૨-૨૦૧૪ ના રોજ દુઃખદ અવસાન થયું છે.**
- **શ્રી સુરેન્દ્રભાઈ રમણભાઈ પટેલ કોટ ફળીયા, ભાદરણ (હાલ ગીલફોર્ડ)**
  **જન્મ: ૨૭-૭-૧૯૪૨ મરણ : ૭-૧૦-૨૦૧૪**
  **(GUILFORD, CT. U.S.A.)**
- **ભાદરણના શ્રી વિ. એમ. પટેલ ના માતૃશ્રી લલીતાબેન મનુભાઈ પટેલનું ૯૩ વર્ષની ઉંમરે તા. ૩૧-૧૨-૨૦૧૪ને બુધવારના રોજ અક્ષરધામ પામ્યા છે.**

**ઉપરોક્ત સદ્ગતના આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

## ભાદરણમાં બ્લડ કેમ્પ યોજાયો

**નેતાજી સુભાષચંદ્રબોઝની જન્મ જયંતીના શુભદિને તા.૨૩-૨-૧૫ના રોજ ભારતીય જનતા પક્ષના યુવા મોરચાના પ્રમુખ શ્રી જલ્પેશ યુ. પટેલ (જલુ) અને અન્ય કાર્યકરો તથા કોલેજના વિદ્યાર્થીઓએ અનન્ય સહકાર આપ્યો**

**કેમ્પ માટે શ્રી રસીકભાઈ એમ. પટેલ**
**શ્રી વિનોદભાઈ ડી. પટેલ**
**શ્રી ચંદ્રવદન એમ. કાપડીયા**

**એ આરોગ્ય મંદિર ભાદરણમાં વ્યવસ્થા કરી આપી જેમાં ૪૫ બોટલો લોહી એકત્રીત કરી શ્રી કૃષ્ણ મેડીકલ કોલેજ, કરમસદ મોકલી આપી હતી.**

*ભાદરણ પત્રિકાના શુભેચ્છક*

**GRILLERS CAFE**

**SHAILESH PATEL**

2300 BARRINGTON RD - SUITE 125
HOFFMAN ESTATES, IL 60169
PHONE : (847) 310-0999
EMAIL : GRILLERS1@YAHOO.COM

# ભાદરણ ગામે બીન નિવાસી ભારતીયો તેમજ ગામ આગેવાનોની વિકાસ કામ બાબતની મીટીંગ બાબત

સવિનય ઉપરોક્ત વિષય બાબતે આપ સાહેબશ્રીને ભાદરણના સરપંચશ્રીની નમ્ર અરજ વિનંતી કે...

ભાદરણ ગામના બીન નિવાસી ભારતીયોનું સંમેલન તેમજ ગામવિકાસ બાબતના મુદ્દાઓનું ચર્ચા વિચારણા કરવા માટે ભાદરણ ગામે એન.આર.આઈ. ચંદ્રવદનભાઈ મણીભાઈ પટેલ તેમજ રસીકભાઈ મણીભાઈ પટેલના અધ્યક્ષપણા હેઠળ ગ્રામપંચાયતના સરપંચશ્રી હંસાબેન રાણા, ઉપસરપંચશ્રી ઉમેશભાઈ દિનુભાઈ પટેલ, તલાટી કમમંત્રી મગનભાઈ તેમજ ગ્રામપંચાયતના સભ્યશ્રીઓ તેમજ ગામઆગેવાનોની ઉપસ્થિતિમાં ભાદરણ ગામે નીચે મુજબના કામો બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી. ભાદરણ ગામે કરવા પાત્ર વિકાસના કામો બાબતે ચર્ચા વિચારણા કરતા...

ભાદરણ ગામે...

૧. નવીન પંચાયત ઘર, કોન્ફરન્સ હોલ, નું કામઅંદાજિત ખર્ચ રૂા. ૧૦,૦૦,૦૦૦/-

૨. જુદા જુદા વિસ્તારમાં શૌચાલય બનાવવાનું કામનંગ-૨ રૂા. ૨,૨૫,૦૦૦/-

૩. ડોર ટુ ડોર કચરો ઉઘરાવવા મીની ટ્રેક્ટર ટ્રોલીનું કામરૂા. ૩,૫૦,૦૦૦/-

૪. ટાઉનહોલ રીનોવેશનનું કામરૂા. ૨૦,૦૦,૦૦૦/-

ઉપર મુજબના કામો કરવા એન.આર.આઈ. ભાઈઓ તથા ગામના નાગરિકો તરફથી રકમ મેળવવા રજૂઆત કરવામાં આવી અને સદર કામો વહેલી તકે પૂર્ણ થાય તેવું આયોજન કરવા ચર્ચા કરી. તે સિવાય ભાદરણ ગામે ટીફીન સેવા, આરોગ્ય સેવા, પુસ્તકાલય, શિક્ષણ, તેમજ સ્વચ્છતાના કામો બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી. ગામલોકોને તમામ પ્રકારે ઉત્કૃષ્ટ સેવા ઉપલબ્ધ થાય તેવી કાર્યવાહી કરવા ઠરાવવામાં આવ્યુ. મીટીંગનું સંચાલન ગ્રામપંચાયતના તલાટી કમમંત્રી મગનભાઈ તેમજ ચંદ્રવદનભાઈ મણીભાઈ પટેલ તેમજ રસીકભાઈ મણીભાઈ પટેલે કર્યુ. આભાર વિધિ ગ્રામપંચાયતના ઉપસરપંચશ્રી ઉમેશભાઈ દિનુભાઈ પટેલે કરી.

સ્વ. હીરાબેન મણીભાઈ પટેલ, સ્વ. મણીભાઈ વિઠ્ઠલભાઈ પટેલ કાપડીયા ટ્રસ્ટ તરફથી સ્વ. વાસંતીબેન ચંદ્રવદન કાપડીયાના સ્મરણાર્થે સદરહુ કાર્યના આયોજન માટે મણીભાઈ (હાલ મિટીંગમાં સ્થળ ઉપર સંપૂર્ણ ખર્ચ રૂા. ૨,૨૫,૦૦૦ (શૌચાલયના કામ માટે)આપવાની જાહેરાત કરી હતી. જે તેમની સખાવતની ગામના પ્રજાજનોએ સહર્ષ નિર્ણયની નોંધ લઈ બીજા સદ્‌ગૃહસ્થો માટે પ્રેરણારૂપ સાબિત બનશે તેવી લાગણી વ્યક્ત કરી હતી તથા ૨ જી ફેબ્રુઆરીથી ટીફીન સેવા પણ શરૂ કરવામાં આવી છે. હાલ છ વ્યકિતને ટીફીન પહોંચાડવામાં આવશે. હાલમાં ટીફીન વ્યવસ્થાનો ખર્ચ માસીક રૂા,૨૦,૦૦૦ છે .જે કોઈ વ્યકિત ને સ્પોન્સર(દાન) કરવાની ઈચ્છા હોય તો તે પ્રમાણે ખર્ચ ગણી ને ચંદ્રવદનભાઈ મણીભાઈ પટેલ તથા શ્રી ગીતા પ્રેસ માં સંપર્ક કરવો.



(13) Gayatriben Arunbhai Desai — 1 Years
3944, Fresh Water drive,
Carttollon,TX 75007 USA

(શ્રીમતી ગાયત્રીબેન અરૂણભાઈ દેસાઈ એ ૧૫ લવાજમ એકત્રીત કર્યા તે બદલ ભાદરણ પત્રિકા સંકુલ તેમનો આભાર માને છે.......આપના લવાજમના ૧૪ નામ હવે પછીના અંકમાં પ્રકાશીત કરવામાં આવશે..)

(14) **Rasik M. Patel** — 2 Years
16-The Leadings.
Off. Chalkhill Raod
Wembly Park
Middlesex Haq 9 dt (U.K.)

(15) **Chandravadan P. Patel** — 5 Years
Sureshbhai -Hasumatiben
102 Lowther Drive, oak wood
London ENZ 7JR (U.K.)

(16) **HASMUKHBHAI C. PATEL** — 2 Years
2884 BRAE BURN CIRCLE
ANN ARBOR MI ( USA)

(17) **જયવદન અંબાલાલ પટેલ** — ૧ વર્ષ
૬, અનિર્દેશ એપાર્ટમેન્ટ, નવા માધુપુરા
માર્કેટ સામે, શાહીબાગ, અમદાવાદ-૪
ફોન : ૨૫૬૨૫૯૨૪

(18) **સ્વાતિબેન ચિરાગભાઈ પટેલ** — ૧ વર્ષ
૩૮-બી, અમરજ્યોત ડુપ્લેક્ષ, ચાણક્યપુરી,
ન્યુ સમા રોડ, સોમેશ્વર સોસાયટી પાસે, વડોદરા

(19) **પરેશકુમાર ચીમનભાઈ પટેલ** — ૧ વર્ષ
૨૪ અરૂણોદય સોસાયટી,
મધુવન એપાર્ટમેન્ટ પાસે, અલકાપુરી, વડોદરા

(20) **જાગૃત નવીનચંદ્ર પટેલ** — ૧ વર્ષ
૧૦૧, વિરલ પ્લાઝા, મોટા બજાર,
કોર્પોરેશન બેંક પાસે, વલ્લભ વિદ્યાનગર
૯૮૭૯૦ ૧૦૦૧૧

(21) **કમલનયન નટુભાઈ પટેલ** — ૧ વર્ષ
જીરાવાડ, ભાદરણ
તા. બોરસદ જિ. આણંદ

(22) **શિરીષભાઈ નટવરભાઈ પટેલ** — ૧ વર્ષ
૭૦, ન્યુ સૂર્યનારાયણ સોસાયટી, વિ-૧,
પારસમણી ફ્લેટ પાસે, અમદાવાદ
મો. ૯૮૯૮૮૨૮૧૨૬

(23) **મુકેશભાઈ વિઠ્ઠલભાઈ પટેલ** — ૧ વર્ષ
૭૦-એ, નીલકમલ સોસાયટી, કરમસદ રોડ,
વિદ્યાનગર, આણંદ ફોન : ૦૨૬૯૨-૨૩૮૭૩૪

**ભાદરણ પત્રિકા માટે સલાહકાર સમિતીમાં રસ લઈ કામ કરનાર ભાદરણના ભાઈ અગર બહેનના નામો આવકાર્ય છે..**

| લવાજમની રૂપરેખા | | | |
|---|---|---|---|
| વિગત | ભારત | અમેરિકા | ઈંગ્લેન્ડ |
| વાર્ષિક (દ્વિ માસિક) | 100 rs. | 10 $ | 6 £ |

ભાદરણ પત્રીકાને નવા રંગરૂપથી સમૃધ્ધ બનાવવા આપ જાહેરાત આપી, આ પ્રવૃત્તિને વધુ વેગ આપી શકો છો..

| વિજ્ઞાપનના દર | | | |
|---|---|---|---|
| વિગત | ભારત | અમેરિકા | ઈંગ્લેન્ડ |
| અંકની સ્પોન્સર શીપ આશરે ૨૦ પેજ | 15000 rs. | 300 $ | 180 £ |
| બીજુ કવર પેજ | 3500 rs. | 60 $ | 40 £ |
| ત્રીજુ કવર પેજ | 3500 rs. | 60 $ | 40 £ |
| છેલ્લુ કવર પેજ | 4000 rs. | 70 $ | 45 £ |
| અંદર આખું પેજ | 1500 rs. | 25 $ | 20 £ |
| અંદર અડધુ પેજ | 900 rs. | 15 $ | 10 £ |
| શુભેચ્છક (૩" ની સ્ટ્રીપ) | 350 rs. | 6 $ | 4 £ |

**(આપનું લવાજમ સત્વરે મોકલી આ કાર્યને વેગવંતુ બનાવવા સહકાર આપશો.)**

ભાદરણ પત્રીકામાં આપશ્રી સારા લેખ–કાવ્ય કે સહુને ઉપયોગી સાહિત્ય સ્વચ્છ અક્ષરે એક પેજ ઉપર લખાણ લખી પોતાની સહી અને સરનામા સાથે મોકલવી.. જે ક્રમશઃ છાપવામાં આવશે..

ભાદરણ પત્રીકા અંગે આપનું સરનામું નીચેના એડ્રેસે મોકલવા વીનંતી....

**શ્રી ગીતાપ્રેસ, ભાદરણ.**
હરખાબાના મંદિર પાસે, મુ. ભાદરણ–૩૮૮૫૩૦.
તા. બોરસદ, જી. આણંદ. (ઈન્ડીયા)
ફોન.નં. (૦૨૬૯૬) ૨૮૮ ૬૨૩, મો.: ૯૪૨૮૧ ૫૩૭૬૩
Email : gitaprinting@yahoo.co.in

**શ્રી કૃષ્ણ હોસ્પિટલ કરમસદ સંચાલિત ભાદરણ આરોગ્ય ટ્રસ્ટ હોસ્પિટલ.**

શ્રી કૃષ્ણ હૉસ્પિટલ

રોગ નિદાન અને સારવાર કેમ્પ

સ્વ.હિરાબેન મણીભાઈ પટેલ તથા
સ્વ.મણીભાઈ વિઠલભાઈ પટેલ કાપડીયા ટ્રસ્ટ તરફથી,
સ્વ.વાસંતીબેન ચંદ્રવદન પટેલના સ્મરણાંથે.

- હાડકાંના રોગો
- કસરત વિભાગ
- ડાયાબીટીસ અને બી.પી.
- સ્ત્રીરોગ

કેમ્પ સ્થળ
શંભુપ્રસાદ બોર્ડિંગ હાઉસ,
બસ સ્ટેન્ડ પાસે,
ભાદરણ
ફોન નં: (૦૨૬૯૬)૨૮૮૧૮૮

(નોંધ: કેમ્પ દરમ્યાન મફત નિદાન અને ખૂબ જ રાહત દરે સારવાર આપવામાં આવશે.)

કેમ્પ તારીખ : ૧૩–૨–૨૦૧૫– શુક્રવાર સમય :સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ કલાક સુધી

**શ્રી કૃષ્ણ હોસ્પિટલ કરમસદ સંચાલિત ભાદરણ આરોગ્ય ટ્રસ્ટ હોસ્પિટલ.**

શ્રી કૃષ્ણ હૉસ્પિટલ

રોગ નિદાન અને સારવાર કેમ્પ

ભાદરણ સમાજ ઓફ નોર્થ અમેરીકા આયોજીત
Mr. & Mrs. Rice (usa), સ્વ.પ્રવિણ પટેલ "શશી" (યુ.એસ.એ),
શ્રી બચુભાઈ અને શ્રીમતી પુષ્પાબેન પટેલ (યુ.એસ.એ),

- દાંતના રોગો
- ડાયાબીટીસ અને બી.પી.

કેમ્પ સ્થળ
શંભુપ્રસાદ બોર્ડિંગ હાઉસ, બસ સ્ટેન્ડ પાસે,
ભાદરણ. ફોન નં: (૦૨૬૯૬)૨૮૮૧૮૮

(નોંધ: કેમ્પ દરમ્યાન મફત નિદાન અને ખૂબ જ રાહત દરે સારવાર આપવામાં આવશે.)

કેમ્પ તારીખ : ૨૪–૨–૨૦૧૫– મંગળવાર સમય :સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ કલાક સુધી

આ કેમ્પ અંગેની વધુ માહિતી આવતા અંકે..........